ધોરણ ૯ અને ૧૦ માં ભણતા અનુસુચિત જાતિના વિધાર્થીઓને ભારત સરકારની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અન્વયે શિષ્યવૃત્તિનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવનં. પીએમએસ/૧૩/૨૦૧૨/૪૦૫૫૨૬/ગ,
તારીખ:૧૮/૬/૨૦૧૩

વંચાણમાં લીધા :-

(૧) ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલય, નવીદિલ્હી નો તા. ૨૨/૬/૨૦૧૨ નો અ.સ. પત્ર ક્ર. ૧૧૦૧૧/૦૨/૨૦૦૮/એસસીડી-વી

(૨) નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજય ગાંધીનગરના તા.૪/૭/૨૦૧૨ ના પત્રક્રમાંકઃ અજાક/ગ-૧/૧/૨૦૧૨-૧૧૩/૪૫૯૦

(૩) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૬/૨૦૧૨ના ઠરાવ ક્રમાક . અજાક/૧૦૨૦૧૧/ન.બા.૪૮/ગ

(૪) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાક. અજાક/૧૦૨૦૧૧/ન.બા.૨૮/ગ

ઠ રા વઃ-

ધોરણ ૯ અને ૧૦ માં ભણતા અનુસૂચિત જાતિના વિધાર્થીઓનો શાળા છોડવાનો દર (ડ્રોપ આઉટ) ઘટાડવા તથા તેમના વાલીઓને બાળકોના શિક્ષણ માટે આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુથી ભારત સરકારશ્રીના વંચાણ (૧) પરના પત્રથી ભારત સરકારની ધોરણ ૯ અને ૧૦ માં ભણતા અનુસુચિત જાતિના વિધાર્થીઓને પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના તા.૧/૭/૨૦૧૨ થી અમલમાં મુકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમાંક-(૧)માં દર્શાવેલ ભારત સરકારશ્રીના તા.૨૨/૬/૨૦૧૨ના પત્રથી આ યોજના ભારત સરકારે અમલી કરેલ છે; જે રાજય સરકાર ધ્વારા સ્વિકાર કરી અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**નીચેની શરતોને આધિન રહી આ યોજનાનું અમલિકરણ કરવાનું રહેશે.**

૧. આ યોજનાનો અમલ તા.૧/૭/૨૦૧૨ થી કરવાનો રહેશે.

૨. આ યોજનાનો હેતુ ધો. ૯ અને ૧૦ માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિધાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન મળે તે માટે નાણાંકીય સહાય આપવાનો અને તેમની પોષ્ટ મેટ્રીક સ્તરે પ્રગતિની તકો વધારવાનો છે.

૩. આ યોજના હેઠળ લાભ મેળવતો વિધાર્થી અન્ય કોઇ પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના હેઠળ લાભ મેળવી શકશે નહીં.

૪. આ યોજના હેઠળ રૂ. ૨.૦૦ (બે) લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા અનુ.જાતિના વાલીઓના બાળકોને નીચે મુજબ શિષ્યવૃત્તિની રકમ મળવાપાત્ર થશે.

| વિગત | ડે સ્કોલર (રૂ.) | હોસ્ટેલર (રૂ.) |
|---|---|---|
| શિષ્યવૃત્તિ પ્રતિ માસ (દશ માસ માટે) | ૧૫૦/- | ૩૫૦/- |
| બુકસ અને એડહોકગ્રાન્ટ (વાર્ષિક) | ૭૫૦/- | ૧૦૦૦/- |

૫. વર્ષ ૨૦૧૨-૧૩ માટે વંચાણ (૩) અને (૪) પરના ઠરાવોની રાજય સરકારશ્રીની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં રૂ. ૨.૦૦ (બે) લાખ સુધીની આવકમર્યાદા ધરાવતાં ધો.૯ અને ૧૦ના પાત્ર વિધાર્થીઓને તા.૧/૭/૨૦૧૨ થી આ યોજનાનો લાભ આપવાનો રહેશે અને આ વિધાર્થીઓને જરૂરી તફાવતની (વધારાની) રકમ ચુકવવાની રહેશે. વંચાણ (૩) અને (૪) પરની રાજય સરકારશ્રીની યોજનાના ઠરાવો મુજબ ધો.૯ અને ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો લાભ રૂ.૨.૦૦ (બે) લાખથી વધુ આવક ધરાવતાં વાલીઓના બાળકોને હાલના દર મુજબ આપવાનો રહેશે.

૬. નિયામકશ્રી ,અનુસુચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા આ યોજના માટે ફંડ મેળવવા દર વર્ષે સમય મર્યાદામાં ભારત સરકારને દરખાસ્ત કરીને મેળવી લેવાની રહેશે.

૭. આ યોજનાનું અમલીકરણ સાથે જોડેલ પરિશિષ્ટ-૧ મુજબ કરવાનું રહેશે. યોજના અંગેનું આખરી અર્થઘટન વંચાણે લીધેલ ક્રમ-૧ પરના ભારત સરકારના તા.૨૨-૬-૨૦૧૨ ના મૂળ અંગ્રેજી પત્ર મુજબ કરવાનું રહેશે.

૮. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નં.- | ૯૫ આયોજન |
| મુખ્યસદર- | ૨૨૨૫ અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ. |
| પેટા મુખ્ય સદર – | ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ . |
| ગૌણસદર – | ૨૭૭ શિક્ષણ |
| પેટા સદર- | ૩૫- ધો. ૯ અને ૧૦ ના અનુ.જાતિના વિધાર્થીઓ માટે પ્રિ.મેટ્રીક શિષ્યવૃતિ. (કેન્દ્ર પુરસ્કૃત યોજના). |

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૫ /૯/૨૦૧૨ ની નોધથી તથા સરકારશ્રીની મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. જે. ખડિયા )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી અ.જા.ક. મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પં), જિલ્લા પંચાયત (નિયામકશ્રી અ.જા.ક. મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- નિવાસી ઓડીટ અધિકારશ્રી ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, (સા.ન્યા.અને અ.વિ.)નાણાવિભાગ, સચિવાલયં, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ/અ-૧ શાખા સા.ન્યા.અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ/ નાયબ સેકશન અધિકારીશ્રી

# પરિશિષ્ટ-૧

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે

# પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની

# કેન્દ્ર પુરસ્કૃત યોજના

# માર્ગદર્શક સૂચનાઓ

# (ગુજરાતી અનુવાદ)

## ભારત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય

## નવી દિલ્હી

## જુલાઇ-૨૦૧૨

**ધોરણ-૯ અને ૧૦ માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના**

**વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની કેન્દ્ર પુરસ્કૃત યોજના**

**(તા.૦૧-૦૭-૨૦૧૨ થી અમલી)**

# વિષય-સૂચિ



| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧ | પૃષ્ઠભૂમિ | ૨ |
| ૨ | ઉદ્દેશ | ૨ |
| ૩ | કાર્યક્ષેત્ર | ૨ |
| ૪ | પાત્રતાની શરતો | ૨ |
| ૫ | માતા-પિતા/વાલીની વાર્ષિક આવક | ૨ |
| ૬ | શિષ્યવૃત્તિનું મૂલ્ય | ૩ |
| ૭ | ઉમેદવારોની પસંદગી | ૪ |
| ૮ | એવોર્ડનો સમયગાળો અને નવીનીકરણ | ૪ |
| ૯ | શિષ્યવૃત્તિની ચુકવણી | ૫ |
| ૧૦ | એવોર્ડ ચાલુ રાખવાની શરતો | ૫ |
| ૧૧ | યોજનાનો પ્રચાર અને અરજીઓ મંગાવવી | ૫ |
| ૧૨ | અરજીની કાર્યપધ્ધતિ | ૬ |
| ૧૩ | શિષ્યવૃત્તિ ચૂકવવાની રીત | ૬ |
| ૧૪ | કેન્દ્રીય સહાયનું સ્વરૂપ અને શરતો | ૭ |
| ૧૫ | પ્રતિબધ્ધ જવાબદારીની રાજયો/સંઘપ્રદેશોમાં તબદીલ | ૭ |
| ૧૬ | કેન્દ્રીય સહાય માંગવા તથા છુટી કરવાની કાર્યરીતિ | ૭ |
| ૧૭ | દેખરેખ –નિયંત્રણ | ૮ |
| ૧૮ | યોજનાની જોગવાઇમાં ફેરફાર | ૯ |

## ધોરણ-૯ અને ૧૦ અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ (તા.૧-૭-૨૦૧૨ થી અમલી)

### ૧. પૃષ્ઠભૂમિ

સંવિધાનના ભાગ-૪ ની કલમ ૪૬ (રાજયનિતિના માર્ગદર્શક સિદ્ધાંત) લોકોના નબળા વર્ગના, ખાસ કરીને અનુસૂચિત જાતિઓના શૈક્ષણિક અને આર્થિક હિતોને પ્રોત્સાહન આપવા રાજયને આજ્ઞા કરે છે. એજ ભાગની કલમ-૩૮ (૨) આવકનો અન્યાય ઓછો કરવાની અને વ્યકિતઓ જ નહીં, બલકે જુદા જુદા વિસ્તારોમાં રહેતાં લોકના જૂથ અને જુદા જુદાધંધામાં રોકાયેલાઓની પણ પરિસ્થિતિ, સુવિધાઓ અને તકોમાંનો અન્યાય દૂર કરવાની કોશિશ કરવાની આજ્ઞા આપે છે.

### ૨. ઉદ્દેશ

યોજનાના ઉદ્દેશ નીચે મુજબ છે.

(ક) વર્ગ-૯ અને ૧૦માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિનાં બાળકોનાં માતા-પિતાને એમના પાલ્યોના શિક્ષણ માટે સહાય કરવી જેની ખાસ કરીને પ્રારંભિકથી માધ્યમિક તબકકા સુધીની સંક્રાણ અવસ્થામાં અધવચ્ચે અભ્યાસ છોડી જવાનું પ્રમાણ ઘટાડી શકાય, અને

(ખ) પૂર્વ-મેટ્રીક તબકકાના વર્ગ-૯ અને ૧૦માં અનુસૂચિત જાતિઓનાં બાળોકોનીસહભાગિતા સુધારવી, જેથી તેઓ વધુ સારૂ કાર્ય કરે અને શિક્ષણના પૂર્વ-મેટ્રીક તબકકા સુધી પ્રગતિ કરવાની વધુ સારી તકઆપે.

### ૩. કાર્યક્ષેત્ર

યોજના હેઠળની શિષ્યવૃત્તિ માત્ર ભારતમાં અભ્યાસ કરવા માટે જ પ્રાપ્ય બનશે અને અરજદાર જયાંનો હોય એટલે કે જયાનો અધિવાસી હોય તે રાજય/સંઘ પ્રદેશની સરકાર દ્વારા આપવામાં આવશે.

### ૪. પાત્રતાની શરતો

(૧) વિદ્યાર્થી અનુસૂચિત જાતિનો હોવો જોઇએ.

(૨) એના માતા-પિતા/વાલીની વાર્ષિક આવક વાર્ષિક રૂા.૨.૦૦લાખથી વધવી જોઇએ નહી

(૩) તે કેન્દ્રીય નિધિ-વ્યવસ્થા થયેલ પૂર્વ-મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવતો હોવો જોઇએ નહી.

(૪) તે સરકારી શાળામાં અથવા સરકાર અથવા કેન્દ્રીય/રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્ય શાળામાં અભ્યાસ કરતા નિયમિત પૂરા સમયનો વિદ્યાર્થી હોવો જોઇએ.

(૫) કોઇપણ વર્ગમાં અભ્યાસ કરવા માટેની શિષ્યવૃત્તિ માત્ર એક જ વર્ષ માટે મળી શકશે. વિદ્યાર્થીને વર્ગનું પુનરાવર્તન કરવું પડે તો એને બીજા વર્ષ (અથવા પછીના) વર્ષ માટે શિષ્યવૃત્તિ મળશે નહી.

### ૫. માતા-પિતા/વાલીની વાર્ષિક આવક

જેમના માતા-પિતા/વાલીઓની તમામ સાધનોમાંથી વાર્ષિક રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા) થી વધતી ન હોય એવા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે.

નોંધ:-(૧) માતા-પિતામાંથી કોઇ એક જીવતુ હોય ત્યાં સુધી યથા પ્રસંગ, તમામ સાધનોમાંથી કેવળ માતા-પિતાની આવકને જ ધ્યાનમાં લેવાની રહેશે, અન્ય સભ્ય, કમાતા હોય તો પણ એમની નહીંઆવકને ધ્યાને લેવાની રહેશે નહીં.

આવકના એકરાર-પત્રમાં, આ આધારે, આવક જાહેર કરવાની છે જયાં માતા-પિતા બન્ને મૃત્યુ પામ્યાં હોય એવા કેસમાં જ વિદ્યાર્થીને એના અભ્યાસમાં સહાય કરતાં હોય તે વાલીની આવક ધ્યાનમાં લેવાની છે. કમાતા માતા-પિતામાંથી એકનું કમનસીબ મૃત્યુ થવાને લીધે જે વિદ્યાર્થીના માતા-પિતાની આવકને અસર થાય અને પરિણામે, યોજના હેઠળ નિયત કરવામાં આવતી આવકની ટોચ-મર્યાદાની અંદર આવતો હોય તો આવો દુ:ખદ બનાવ બને તે મહિનાથી, પાત્રતાના અન્ય શરતો તેઓ પરિપૂર્ણ કરે તેને આધિન રહીને, શિષ્યવૃત્તિ માટે પાત્ર બનશે આવા વિદ્યાર્થીઓ તરફથી શિષ્યવૃત્તિનાં ફોર્મ, અરજીઓ મળવાની છેલ્લી તારીખ વીતી ગયા પછી પણ, રહેમના આધારે વિચારણામાં લઇ શકાશે.

નોંધ:-(૨) ઘરભાડા ભથ્થાને આવક વેરાના હેતુ માટે મુકિત આપવા માટે પરવાનગી આપવામાં આવી હોય તો વિદ્યાર્થીના માતા-પિતાને મળેલ ઘરભાડા ભથ્થાને "આવક" ની ગણતરીમાંથી મુકિત આપવામાં આવશે.

નોંધ:-(૩) આવકનું પ્રમાણપત્ર કેવળ એકવાર લેવાનું જરૂરી બનશે એટલે કે એક વર્ષથી વધુ ચાલુ રહેનારા અભ્યાસક્રમમાં માત્ર પ્રવેશ વખતે રજુ કરવાનું રહેશે.

## ૬. <u>શિષ્યવૃત્તિનું મૂલ્ય</u>

શિષ્યવૃત્તિના મૂલ્યમાં, અભ્યાસક્રમના પૂરેપૂરા સમયગાળા માટે નીચેનાનો સમાવેશ થાય છે.

(૧) શિષ્યવૃત્તિ અને અન્ય ગ્રાન્ટ

(૨) ખાનગી બિન-સહાયિત (બિન અનુદાનિત)(નોન-ગ્રાન્ટેડ) માન્ય શાળાઓમાં અભ્યાસ કરતાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે વધારાનું ભથ્થું વિગતો નીચે મુજબ છે.

શિષ્યવૃત્તિ અને અન્ય ગ્રાન્ટના દર નીચે મુજબ રહેશે.

| બાબત | બિન-નિવાસી વિદ્યાર્થી (ડેસ્કોલર)રૂા. | છાત્રાલય વાસી (હોસ્ટેલર) રૂા. |
|---|---|---|
| શિષ્યવૃત્તિ (રૂ.માસિક) (૧૦ માસ માટે) | ૧૫૦ | ૩૫૦ |
| પુસ્તકો અને એડહોક ગ્રાન્ટ (વાર્ષિક રૂા.) | ૭૫૦ | ૧૦૦૦ |

(૩) ખાનગી બિન-સહાયિત (બિન અનુદાનિત)(નોન-ગ્રાન્ટેડ) શાળાઓમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિઓના વિકલાંગ વિદ્યાર્થીઓ માટે વધારાનું ભથ્થું.

માનવ શંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રી દ્વારા અમલ કરવામાં આવેલ "માધ્યમિક તબકકે વિકલાંગો માટે સમાવેશ શિક્ષંણ"ની (IEDSS) કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ, સરકારી સ્થાનિક સંસ્થામાં અને સરકાર સહાયિત માધ્યમિક તબકકે અભ્યાસ કરતા વિકલાંગ

વિદ્યાર્થીઓને એના "વિદ્યાર્થી લક્ષી અંગભૂત યોજના 'હેઠળ વાર્ષિક રૂા.૩૦૦૦/- લેખે સહાય પહેલેથી જઆપવામાં આવે છે.આમ છતાં બિન-સહાયિત (બિન અનુદાનિત)(નોન-ગ્રાન્ટેડ) શાળાઓના વિદ્યાર્થીઓને " માધ્યમિક તબકકે વિકલાંગો માટે સમાવેશી શિક્ષણ" (IEDSS) હેઠળ આવરી લેવામાં આવ્યા નથી તેથી ખાનગી બિન-સહાયિત માન્ય શાળાઓમાં વર્ગ ૯-૧૦ માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિકલાંક વિદ્યાર્થીઓ, આ યોજના હેઠળ નીચે મુજબ ભથ્થા માટે પાત્ર બનશે.

| ખાનગી બિન-સહાયિત શાળાઓમાં અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ભથ્થા | | રકમ (રૂા.માં) |
|---|---|---|
| (૧) | અંધ વિદ્યાર્થીઓ માટે માસિક વાચક (રીડર) ભથ્થું | ૧૬૦ |
| (૨) | વિકલાંગ વિદ્યાર્થીઓ માટે માસિક પરિવહન ભથ્થું (વિકલાંગ વ્યકિતઓ અધિનિયમ ૧૯૯૫ માં વ્યાખ્યા કર્યા પ્રમાણે, શૈક્ષણિક સંસ્થાની મકાન-હદની અંદર હોય એવી હોસ્ટેલમાં આવા વિદ્યાર્થીઓ રહેતા ન હોય તો | ૧૬૦ |
| (૩) | પગની નિમ્ન વિકલાંગતાવાળા સખત રીતે વિકલાંગ (એટલે કે ૮૦% અથવા વધુ વિકલાંગતાવાળા) બિન-નિવાસી વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે માસિક એસ્કોર્ટ ભથ્થું. | ૧૬૦ |
| (૪) | હેલ્પરની સહાયની જરૂર હોય એવા શૈક્ષણિક સંસ્થાની હોસ્ટેલમાં રહેતા સખત રીતે વિકલાંગ હોવાને કારણે અપંગને મદદ કરવાની ઇચ્છાવાળા હોસ્ટેલના કોઇપણ કર્મચારીને મળવાપાત્ર માસિક હેલ્પર ભથ્થું. | ૧૬૦ |
| (૫) | મંદબુધ્ધિના અને માનસિક રીતે બીમાર વિદ્યાર્થીઓને માસિક કોચિંગ ભથ્થું. | ૨૪૦ |

નોંધઃ- વિકલાંગ વ્યકિતઓ (સમાનતક, અધિકારોનું રક્ષણ તથા સંપૂર્ણ સહભાગિતા) અધિનિયમ, ૧૯૯૫ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણે વિકલાંગતા, રાજય સરકાર/સંઘ પ્રદેશ વહીવટના સક્ષમ તબીબી સત્તાધિકારી દ્વારા પ્રમાણિત કરાવવી પડશે.

## ૭. ઉમેદવારોની પસંદગી

(૧) અનુસૂચિત જાતિના તમામ પાત્ર ઉમેદવારોને આ યોજનામાં નિયત કર્યા પ્રમાણેની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

(૨) ઉમેદવારો એક રાજયના વતની હોય, પરંતુ બીજા રાજયમાં અભ્યાસ કરતા હોય એમને તેઓ જે રાજયના વતની હોય તે રાજય દ્વારા શિષ્યવૃત્તિઓ આપવામાં આવશે.

## ૮. એવોર્ડનો સમયગાળો અને નવીનીકરણ

(૧) એક શૈક્ષણિક વર્ષમાં શિષ્યવૃત્તિ ૧૦ માસ માટે ચૂકવવામાં આવશે.

(૨) સારી વર્તણુક અને હાજરીમાં નિયમિતતાને અધીન રહીને એકવાર અપાયેલ એવોર્ડ

ચાલુ રહેશે. વિદ્યાર્થી વર્ગ-૯ પાસ કરે પછી વર્ગ-૧૦ માટે એનું નવીનીકરણ કરવામાં આવશે.

## ૯. શિષ્યવૃત્તિની ચુકવણી

(૧) શિષ્યવૃત્તિ, તા.૧લી. એપ્રિલ અથવા પ્રવેશના મહિનો એ બેમાંથી જે મોડું હોય ત્યારથી જે મહિનામાં પરીક્ષાઓ પૂરી થાય તે માસ સુધી, શૈક્ષણિક વર્ષના અંતે (રજાના દિવસ દરમિયાનની શિષ્યવૃત્તિ સહિત) ચૂકવવા પાત્ર છે. પરંતુ વિદ્યાર્થી મહિનાના ૨૦મા દિવસ પછી પ્રવેશ મેળવે તો પ્રવેશના મહિના પછીના મહિનાથી રકમ ચૂકવવામાં આવશે.

(૨) શિષ્યવૃત્તિના નવીકરણના કેસમાં અગાઉના વર્ષમાં જે માસ સુધી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી હતી તે માસ પછીના માસમાં તે ચૂકવવામાં આવશે.

(૩) તેઓ જેના વતની હોય તે રાજય/સંઘ પ્રદેશ વહીવટની સરકાર, આ અંગે એમણે નિયત કરેલ કાર્યપધ્ધતિ અનુસાર, પસંદ કરેલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના નાણાં ચૂકવશે.

## ૧૦. એવોર્ડ ચાલુ રાખવા માટેની શરતો

(૧) શિષ્યવૃત્તિ, વિદ્યાર્થીની સંતોષકારક પ્રગતિ અને વર્તણુંક પર આધારિત છે. સંસ્થા શાળાના વડા દ્વારા કોઇપણ સમયે, જાણ કરવામાં આવે કે વિદ્યાર્થી પોતાની કસૂરના કૃત્યના કારણોથી સંતોષકારક પ્રગતિ કરવામાં નિષ્ફળ ગયેલ છે. અથવા હડતાલનો આશ્રય લેવામાં અથવા એમાં ભાગ લેવા જેવી ગેરવર્તણુંક સંબંધિત સત્તાધિકારીની પરવાનગી વિના હાજરીમાં અનિયમિતતાનો દોષી છે તો શિષ્યવૃત્તિ મંજુર કરનાર સત્તાધિકારી પોતાને યોગ્ય લાગે. તેટલી મુદ્દત માટે કાંતો શિષ્યવૃત્તિ રદ કરે અથવા રોકે અથવા વધુ ચુકવણી અટકાવે.

(૨) વિદ્યાર્થીએ ખોટી માહિતી/અધૂરી માહિતી/છુપાવેલી માહિતીથી શિષ્યવૃત્તિ મેળવ્યાનું માલૂમ પડશે તો એની શિષ્યવૃત્તિ તરત રદ કરવામાં આવશે અને શિષ્યવૃત્તિનની ચુકવેલી રકમ, સંબંધિત રાજય સરકાર/સંઘશાસિતના પ્રદેશ વહીવટ એકમ દ્વારા વિવેકાધિકારથી વસૂલ કરવાની રહેશે. સંબંધિત વિદ્યાર્થીને બ્લેક લિસ્ટમાં (કાળીયાદી)મૂકવામાં આવશે તેમજ હંમેશ માટે કોઇપણ યોજનાની શિષ્યવૃત્તિ માટે પ્રતિબંધ મૂકવામાં આવશે.

(૩) વર્ષ દરમિયાન, જે અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવી તે અભ્યાસ તે બંધ કરે/અધવચ્ચે તો રાજય સરકાર/સંઘપ્રદેશ વહીવટના વિવેકાધિકારથી શિષ્યવૃત્તિની રકમ રીફંડ કરવા વિદ્યાર્થી જવાબદાર છે.

## ૧૧. યોજનાનો પ્રચાર અને અરજીઓ મગાવવી

(૧) આ યોજનાનો અમલ રાજય સરકારો/સંઘ પ્રદેશ વહીવટ મારફત કરવામાં આવશે. તમામ રાજય સરકારો/સંઘપ્રદેશો, યોગ્ય સમયે યોગ્ય રીતે યોજનાનો પ્રચાર કરશે અને રાજયના અગ્રણી સમાચાર પત્રોમાં, સ્થાનિક ભાષામાં જાહેરખબર, બહાર પાડીને અને

એમની સંબંધિત વેબસાઇટો અને અન્ય મીડિયા સાજ સામાન મારફતે જાહેરખબર બહાર પાડીને અરજીઓ મંગાવશે. અરજદારે પૂરી થયેલ અરજી નીચે જણાવેલ નિયત સત્તાધિકારીને અરજીઓ મળવા માટે નિયત કરવામાં આવેલી છેલ્લી તારીખ પહેલાં મોકલવી જોઇએ.

(૨) રાજય સરકારે, સ્થાનિક ભાષામાં યોગ્ય અરજી ફોર્મ નિયત કરવાનું રહેશે તથા એને પોતાની વેબસાઇટ પર મુકવાનું રહેશે પાત્ર વિદ્યાર્થીઓ પાસે આ ફોર્મ સંપૂર્ણ પણે ભરાવી જમા કરાવવાની જવાબદારી સંબંધિત શાળાના સત્તાધિકારીઓની રહેશે અને એમને બ્લોક / જિલ્લા કક્ષાના સત્તાધિકારીઓને મોકલવાનું રહેશે રાજય સરકારો/સંઘ પ્રદેશ વહીવટી તંત્રોએ યોજના હેઠળ શિષ્યવૃત્તિઓ મંજુર કરવાની સત્તાઓ, યોગ્ય જિલ્લા /બ્લોક કક્ષાના સત્તાધિકારીઓ / સંસ્થાના વડાઓને સોંપવાની રહેશે.

## ૧૨. અરજી કાર્યપધ્ધતિ

**(૧)** શિષ્યવૃત્તિની અરજીમાં નીચેનાંનો સમાવેશ થવા જોઇએ.

(ક) નિયત ફોર્મમાં શિષ્યવૃત્તિ માટેની અરજીની એક નકલ ("ફ્રેશ" અને રીન્યુઅલ શિષ્યવૃત્તિ માટે) અલગ અરજી ફોર્મ, સંબંધિત રાજયો/સંઘ પ્રદેશો દ્વારા નિયત કરવાના રહેશે.

(ખ) ફોર્મમા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફની એક નકલ ચોટાડી એનાપર વિદ્યાર્થીની સહી સાથે (ફ્રેશ શિષ્યવૃત્તિ માટે) રજુ કરવાનું રહેશે.

(ગ) તહસીલદારના પદથી ઉતરતા ન હોય એવા અધિકૃત મહેસૂલી અધિકારીઓ યોગ્ય રીતે સહી કરેલ જાતિ પ્રમાણપત્ર (અસલમાં) રજુ કરવાનું રહેશે.

(ઘ) આવકનાં સ્રોત બધાં સાધનોમાંથી ચોક્કસ આવક જણાવીને સ્વરોજગાર વાળા માતા-પિતા/વાલીઓએ બિન અદાલતી સ્ટેમ્પ પેપર પર સોગંદનામા સ્વરૂપે આવકનો એકરાર નોકરીએ રહેલાં માતા-પિતા/વાલીઓએ પોતાના નિયોકતા પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી બનશે અને અન્ય પ્રાપ્તિ-સ્થાનોમાંથી કોઇ વધારાની આવક માટે બિન-અદાલતી સ્ટેમ્પ પેપર પર સોગંદનામા સ્વરૂપે તેઓ એકરાર રજૂ કરશે.

(ચ) અરજદારને આ યોજના હેઠળ ગયા વર્ષમાં શિષ્યવૃત્તિ મળી હોય તો, સંબંધિત સંસ્થા/શાળાના વડાએ જ યોગ્ય રીતે સામી સહી કરેલ અરજી સાથે જોડેલ ફોર્મ પર શિષ્યવૃત્તિ સ્વીકારની પાવતી.

**(૨)** બધી રીતે સંપૂર્ણ પણે ભરાયેલ પુરી કરેલી અરજી ફોર્મ, ઉમેદવાર જે સંસ્થા/શાળામાં હાજરી આપતા હોય અને છેલ્લે હાજરી આપી હોય તે સંસ્થા/શાળાના વડાને રજૂ કરવાની રહેશે, અને ચકાસણી પછી અને ફકરા ૧૧.૨ માં જણાવ્યા પ્રમાણે સત્તાધિકારીને પોતાની ભલામણ સાથે સંસ્થાના વડાએ મંજુર કરનાર અધિકારી તરફ રવાના કરવાની રહેશે.

## ૧૩. શિષ્યવૃત્તિ ચૂકવવાની રીત

લાભાર્થીઓને શિષ્યવૃત્તિની સમયસર અને બરાબર ચુકવણી સુનિશ્ચિત કરવા માટે, રાજય સરકાર/સંઘપ્રદેશ વહીવટી તંત્રોએ પોસ્ટ ઓફિસ/બેંકોમાંના પોતાના ખાતાં મારફત શિષ્યવૃત્તિની

ચુકવણી સુનિશ્ચિત કરવી તમામ રાજય સરકાર/સંઘપ્રદેશ વહીવટી તંત્રો 'ઇ-ચુકવણી" પ્રથા સહિત શિષ્યવૃત્તિઓની કમ્પ્યુટરવાળી વ્યવસ્થા પધ્ધતિનો અમલ કરશે.

## ૧૪. કેન્દ્રીય સહાયનું સ્વરૂપ અને શરતો

(૧) આ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે અને રાજય સરકારો તથા સંઘ પ્રદેશ વહીવટી તંત્રો દ્વારા અમલ કરવાના રહેશે. જે એમની પ્રતિબધ્ધ જવાબદારી ઉપરાંત યોજના હેઠળના ખર્ચ માટે ભારત સરકાર પાસેથી ૧૦૦ ટકા કેન્દ્રીય સહાય મેળવવાની રહેશે. વર્ષ માટે રાજય સરકાર/સંઘપ્રદેશ વહીવટી તંત્રોની પ્રતિબધ્ધ જવાબદારીઓના સ્તર અગાઉની પંચ વર્ષિય યોજનાની મુદતના અંતીમ વર્ષ દરમિયાન યોજના હેઠળ એમણે કરેલ ખરેખર ખર્ચના સ્તરની સમક્ષ હશે અને એમણે પોતાના અંદાજપત્રમાં જોગવાઇ કરીને ભોગવવાનું રહેશે.

(૨) ઘણાં રાજયો/સંઘ પ્રદેશો, એમના પોતાના શંસાધનોમાંથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કેટલીક પ્રકારની પૂર્વ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો હાલમાં અમલ કરી રહેલ છે. વર્ગ-૯ અને ૧૦ ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રાજય સરકાર પહેલેથી પૂર્વ-મેટ્રીક શિષ્યવૃત્તિ આપી રહી હોય તો તેમના દ્વારા (૧) સૂચિત કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ શિષ્યવૃત્તિ ઉપરાંત તે દરે શિષ્યવૃત્તિ આપવાનું ચાલુ રાખી શકશે. અથવા તો,

(૨) પોતાની યોજના પર પોતાનું ખર્ચ ઘટાડવાનું પસંદ કરે તો આમ કરેલી બચત અનુસૂચિત જાતિઓ માટેના અન્ય શૈક્ષણિક કાર્યક્રમો પર જ ઉપયોગ કરવાનો રહેશે.

(૩)શિષ્યવૃત્તિ પેટે કુલ કેન્દ્રીય ખર્ચનો ૧.૫ (દોઢ) ટકા સુધીનો ઉપયોગ વહીવટી ખર્ચ,વ્યવસ્થા, દેખરેખ-નિયંત્રણ અને મૂલ્યાંકન વગેરે અંગે થશે. આ હેતુ માટે નાણાંનો ઉપયોગ કેન્દ્ર સરકાર દ્વારા અથવા આ અંગે એમની પાસેથી મળેલી દરખાસ્તોના આધારે શિષ્યવૃત્તિની રકમ ઉપરાંત એને રાજય/સંઘ પ્રદેશો માટે છૂટા કરવામાં આવશે આમ છતાં આ અંગભૂત ભાગ હેઠળ કોઇ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવશે નહીં.

## ૧૫. પ્રતિબધ્ધ જવાબદારીની રાજયો/સંઘ પ્રદેશોમાં તબદીલ

હાલની પ્રથા અનુસાર, આવી યોજનામાં પ્રતિબધ્ધ જવાબદારી, પછીની પંચવર્ષિય યોજનાના સમયગાળામાં પ્રથમ વર્ષ દરમિયાન રાજયો/સંઘપ્રદેશોને તબદીલ થાય છે. ૧૨મી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષ એટલે કે ૨૦૧૨-૧૩ દરમિયાન આ યોજના શરૂ કરવામાં આવી હોવાથી, પ્રથમવાર પ્રતિબધ્ધ જવાબદારી ૧૨મી પંચવર્ષીય યોજનાના અંતે એટલે કે તા.૧/૪/૨૦૧૭થી રાજય સરકારો/સંઘપ્રદેશ વહીવટી તંત્રોને તબદીલ કરવામાં આવશે.

## ૧૬. કેન્દ્રીય સહાય મળવા તથા છુટી કરવાની કાર્યરીતિ

(૧) રાજયો/સંઘ પ્રદેશોને કેન્દ્રીય સહાય બે હપ્તાઓમાં છૂટી કરવામાં આવશે. કોઇ હોય તો, ભૂતકાળમાં છૂટી કરેલી કેન્દ્રીય સહાયના સંતોષકારક ઉપયોગને અધીન રહીને, શકય હોય

એટલું વર્ષના બીજા ત્રિમાસ (એપ્રિલ-જૂન) દરમિયાન, કેન્દ્રીય સહાયનો પ્રથમ હપ્તો એડહોક ધોરણે છૂટો કરવામાં આવશે. યોજના હેઠળ, રાજય સરકારો/સંઘપ્રદેશ વહીવટી તંત્રો, કેન્દ્રીય સહાયની પોતાની સંપૂર્ણ દરખાસ્તો દર વર્ષ ૩૦ મી સપ્ટેમ્બર સુધીમાં રજૂ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે, જે તમામ શરતો પરિપૂર્ણ કરવાને આધીન રહીને, ૩૧ મી ડિસેમ્બર સુધીમાં છુટી કરવામાં આવશે. પછીના વર્ષની માંગણી સાથે અગાઉના વર્ષની કેન્દ્રીય સહાય માટેના ઓડિટ કરેલાં પત્રકો સાથે ઉપયોગ પ્રમાણપત્ર જોડવું પડશે. અગાઉના વર્ષની ગ્રાન્ટમાંથી

વણવપરાયેલી અથવા બાકી રકમ માટે હિસાબમાં નહીં લીધેલી રકમ કોઇ હોય તો, પછીના વર્ષની ગ્રાન્ટ છૂટી કરતી વખતે સમાયોજિત (સરભર) કરવામાં આવશે.

(૨) બેંકો/પોસ્ટઓફિસ ખાતાઓ મારફત, માસિક આધારે હોય તો વધુ સારૂ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓની સમયસર અને નિયમિત ચુકવણી સુનિશ્ચિત કરવાનું રાજય સરકાર/સંઘ પ્રદેશ વહીવટી તંત્રો પાસે અપેક્ષિત છે. કેન્દ્રીય સહાય છૂટી થતાં સુધી, રાજયના અંદાજપત્રમાંથી શિષ્યવૃત્તિઓ ચૂકવવાનું અપેક્ષિત છે, જે સામે, ભરપાઇ માગી શકાય, કેન્દ્રીય સહાયમાં કોઇ વિલંબને કારણે કોઇ પણ કેસમાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ચુકવણી રોકવી નહીં.

## ૧૭. દેખરેખ- નિયંત્રણ

યોજનાનો અમલ કરતી રાજય સરકારો અને સંઘપ્રદેશ વહીવટી તંત્રો.

(૧) યોજના હેઠળ લાભાર્થીઓના ડેટા અને ખર્ચ જેનો પ્રોફોર્મા અલગ રીતે નિયત કરવામાં આવશે તેમાં ત્રિમાસિક પ્રગતિ અહેવાલમાં નિયમિત રીતે ભારત સરકારને રજૂ કરશે યોજના હેઠળ આપવામાં આવેલી નાણાંકીય સહાયનો ઉપયોગ બીજા કોઇ હેતુ માટે કરી શકાશે નહીં.

(૨) લાભાર્થીઓનો ડેટાબેઝ બનાવો જેને (ક) એમાં આધાર નંબરો (યુઆઇડી નંબર) લગાડીને યુ.આઇ.ડી.એ આઇ સાથે જોડવામાં આને (ખ) શિષ્યવૃત્તિઓ જમા કરાવવા માટે યુ.આઇ.ડી.એ આઇ યોગ્ય બનાવેલ બેંક ખાતા (યુ.ઇ.બી.એ) નો ઉપયોગ કરીને અને (ગ) લાભાર્થી ઓળખ માટે યુ.આઇ.ડી.એ આઇ પ્રમાણિત સેવાઓનો ઉપયોગ કરીને

(૩)શિષ્યવૃત્તિઓ આપવાની આવશ્યક વિગતો સાથે એવોર્ડ પ્રાપ્ત કરનારાઓની સંસ્થાવાર યાદી જિલ્લા કક્ષાએ એન.આઇ.સી.ની વેબસાઇટ પર પ્રદર્શિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરો.

(૪)વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ સંબંધિત ફરિયાદોના નિવારણ માટે રાજય અને જિલ્લાકક્ષાએ ફરિયાદ નિવારણ અધિકારીઓ પદનામિત કરો.

## ૧૮. યોજનાની જોગવાઇમાં ફેરફાર

ભારત સરકારના વિવેકાધિકારથી કોઇપણ સમયે આ યોજનાની જોગવાઇઓમાં ફેરફાર કરી શકાશે.

--------------------X--------------------